# ૧ (૪૧) મેટલ લેટર

## ૧. પ્રસ્તાવના

### અ. ઉપયોગીતા :-

વેપારી, કારખાનેદાર, રેસ્ટોરા, હોટલો વિ.માં જાહેરાત (પબ્લીસાટી) અત્યંત જરૂરી છે. જાહેરાતમાં

પેઇન્ટીંગ બોર્ડ અથવા મેટલ અક્ષરો એમ્બોસીંગથી કરવામાં આવે તો હાલના યુગ પ્રમાણે ટકાઉ અને આકર્ષક રહે છે. મેટલ લેટર ખાસ કરીને નોન ફેરસ મેટલનો ઉપયોગ કરવામાં આવે છે. મેટલ લેટરનો વાહનો ઉપર નંબરપ્લેટ, વિમાં પણ સારા પ્રમાણમાં ઉપયોગ કરી શકાય.

## બ. બજાર અને બજાર વ્યવસ્થા :-

મેટલ લેટરના બોર્ડ શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા મથકના ગામો અથવા નગર પંચાયતના ગામોમાં જરૂરીયાત રહેશે ત્યાં આ કુટીર ઉદ્યોગ મેટલ લેટર બનાવવાનો કરી શકાય. આ ઉદ્યોગ કરનાર પેઈન્ટર આર્કિટેક વિ સાથે સંબંધો રાખી વિશેષ બજાર મેળવી શકાશે.

## ક. ધારણાઓ :-

૧ આ ઉદ્યોગ શરૂ કરવા મશીનરી માટે થ્રી ફેઝ કનેકશન ની જરૂરીયાત રહેશે.

૨ આ ઉદ્યોગ શરૂ કરવા ૩૦૦ ચો. ફુટ ભાડાની જગ્યાની જરૂરીયાત રહેશે.

૩ આ કામ શરૂ કરનારને પેઇન્ટીંગ ડીઝાઇનીંગ અને એન્જીનીયરીંગ કામનો અનુભવ જરૂરી છે.

## ૨. ઉત્પાદન પ્રક્રિયા :-

અલગ અલગ જરૂરીયાત પ્રમાણેના માપ પ્રમાણે ધાતુનું કટીંગકામ પાવર પ્રેસ વડે કરવામાં આવે છે. ત્યાર બાદ તેનું ફીનીશીંગ કરી, અક્ષરોના અલગ અલગ ભાગોમાં સુચવેલ નામ પ્રમાણે લાકડાના અથવા સોલ્ડરીંગથી જોડવામાં આવે છે. અને તેનું કામ અથવા મેટલ પોલીશ વડે ફીનીશીંગ કરવામાં આવે.

## ૩ ઉત્પાદન ક્ષમતા:-

દૈનીક રૂ. ૧૬૦૦/-નું વેચાણ થાય. પ્રથમ વર્ષમાં ૫૦% ઉત્પાદન ક્ષમતાનો વપરાશ ગણતા દૈનિક વેચાણ રૂ.૮૦૦/-નું ગણેલ છે.

## ૪. પરવાના અંગેની ખાસ જરૂરીયાત :-

પરવાનાની ખાસ જરૂરીયાત રહેતી નથી.

## ૫. સ્થાયી મૂડી રોકાણ :-

### અ. જમીન/મકાન

૧૫' × ૨૦ ની જગ્યા ભાડેથી મેળવવાની રહેશે. માસિક ભાડું રૂ. ૪૦૦/-

### બ. પ્લાન્ટ/મશીનરી/સાધનો/ફર્નીચર વિ.

| અ.નં. | સાધનોનું વર્ણન | સંખ્યા | કિમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | પાવર પ્રેસ ૨૫ મે.ટન કમ્પલીટ ૧૦ હો.પા. ઈલે મોટર સાથે | ૧ | રૂ. ૨૫,૦૦૦/- |
| (૨) | ડાઇઓ જુદા જુદા લેટર માટેની | - | રૂ. ૧૦,૦૦૦/- |
| (૩) | સોલ્ડરીંગ મશીન | ૧ | રૂ. ૫,૫૦૦/- |
| (૪) | હેન્ડ સીયરીંગ મશીન | ૧ | રૂ. ૨,૫૦૦/- |
| (૫) | પરચુરણ સાધનો | - | રૂ. ૨,૦૦૦/- |
| | કુલ | | રૂ. ૨,૫૦૦/- |

**૬. કુલ સ્થાયી મૂડી રોકાણ :-** **રૂ. ૪૭,૫૦૦/-**

**૭. ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :-**

કાચોમાલ જેવો કે મેટલ ના પતરા પીન વિ. ૧/૨ માસનો તથા ૧ માસનો
પગાર અને પાવર ખર્ચ મળીને કુલ રૂ. ૮,૫૦૦/-

**૮. કુલ મૂડી રોકાણ :-** **રૂ. ૫૬,૦૦૦/-**

**૯. બેંક લોન (પ્લાન્ટ/મશીનરી તથા કાર્યકારી ભંડોળ) :-**

બેંક લોન ૬ (છ) માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૬૦ માસિક હપ્તાથી ભરપાઈ કરવાની રહે.
વ્યાજનો દર ૧૪ ટકા ગણેલ છે. રૂ. ૫૬,૦૦૦/-

**૧૦. આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :-**

| | | |
|---|---|---|
| અ. | કાચોમાલ | રૂ. ૧૨,૦૦૦/- |
| બ. | પગાર ખર્ચ | |
| | ૨ વ્યક્તિ × રૂ. ૨૫/- દૈનિક × ૨૫ દિવસ | રૂ. ૧,૨૫૦/- |
| ક. | પાવર ખર્ચ | રૂ. ૧,૫૦૦/- |
| ડ. | બેંકનો હપ્તો વ્યાજ સાથે | રૂ. ૧,૪૦૦/- |
| ઈ. | પેકીંગ ખર્ચ | રૂ. ૨૦૦/- |
| ફ. | ઘસારા ખર્ચ | રૂ. ૪૦૦/- |
| જ. | રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | રૂ. ૨૦૦/- |
| ઝ. | મકાન ભાડું | રૂ. ૪૦૦/- |
| ઇ. | અન્ય ખર્ચ | રૂ. -- |
| | **કુલ આવર્તક ખર્ચ** | **રૂ. ૧૭,૩૫૦/-** |

**૧૧. કુલ વેચાણ (માસિક) :-**

વેચાણ રૂ. ૮૦૦ X ૨૫ દિવસ = રૂ. ૨૦,૦૦૦/-

**૧૨. નફાતોટાનો અંદાજ (માસિક) :-**

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | રૂ. ૨૦,૦૦૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ. ૧૭,૩૫૦/- |
| ચોખ્ખો નફો માસિક | રૂ. ૨,૬૫૦/- |

**૧૩. ખાસ નોંધ :-**

ઉદ્યોગની મર્યાદામાં ઉદ્યોગને અનુરૂપ આનુશાંગીક મશીનરીની ભલામણી ટી.ઓ./આઇ. પી. ઓ નો અભિપ્રાય મેળવી કરવાની રહેશે.

**૧૪. કાચામાલના ઉત્પાદકો/વિતરકો :-**

બ્રાસ, એલ્યુમિનિયમ, કોપર, સીસુ, લોખંડ વિ.

(૧) શાહ બંસીલાલ રામનાથ, ૧૧૩/૪૦, સારાભાઈની વાડી, મધુરમ સીનેમા પાસે, ઘીકાંટારોડ,અમદાવાદ.

(૨) હસમુખ સ્ટીલ કોર્પોરેશન, ૮, અડયાતી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર, પેટ્રોલપંપની સામે, શાહીબાગરોડ, અમદાવાદ.

૧૫. મશીનરી/સાધનો/ડાઈઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો :-

(૧) હરીઓમ એન્જીનીયરીંગ વર્કસ., પોરબંદર રોડ, કુતિયાણા જીલ્લો, જુનાગઢ.

(૨) શૈલેશ મશીન ટુલ્સ, ૧૦, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ.